# ભાગ્યને ચમકાવતું સુરક્ષાકવચ હસ્તાક્ષર



હસ્તાક્ષર સંદેશ - પંડિતરત્ન વ્રજકિશોર ધ્યાની

હસ્તાક્ષર જીવનસૂત્રનું સૂત્રધાર બની સુરક્ષાકવચ પૂરું પાડે છે. આ જન્મને આજીવન પ્રકાશમય બનાવી રાખી સાર્થકતા આપે છે. જન્મ અને મૃત્યુ વચ્ચેના સમયમાં હસ્તાક્ષરના માધ્યમ દ્વારા યશસ્વી બનાવવાનું શક્ય છે. હસ્તાક્ષરનું સામ્રાજ્ય ચારેબાજુ વર્તાય છે અને એની નિશ્રામાં સૌ ફળે-ફૂલે છે. ભાગ્યને રીઝવવા, લક્ષ્મીજીને રીઝવવા અને કારકિર્દીને ચમકાવવા હસ્તાક્ષર ઉપર આધાર રાખનાર ક્યારેય નિરાશ થતા નથી. હસ્તાક્ષર વાસ્તવિકતા અને સ્પષ્ટતા દર્શાવે છે. તે સમૃદ્ધિનાં દ્વાર ખોલી આપે છે. સાચો માર્ગદર્શક મંઝિલ સુધી પહોંચવા બહુ જરૂરી હોય છે. તે જ રીતે હસ્તાક્ષર પણ માર્ગદર્શક છે.

હસ્તાક્ષરનું વિશ્લેષણ કરનારા મુદ્દાઓ ઉપર ધ્યાન આપવા જેવું છે. તે આ પ્રમાણે છે.

* મનોભાવ પ્રેરિત હસ્તાક્ષર * કર્મ અનુગ્રહિત હસ્તાક્ષર

* અંતર્નાદ વિભૂષિત હસ્તાક્ષર * વૈચારિક પુષ્ટતાસભર હસ્તાક્ષર

* વાણિજ્ય આશયયુક્ત હસ્તાક્ષર * કાર્યદક્ષતાપૂર્ણ હસ્તાક્ષર

* નીતિવિષયક હસ્તાક્ષર * પરિચયપૂર્ણ હસ્તાક્ષર

* પૂર્વગ્રહરહિત હસ્તાક્ષર * ઔચિત્યપૂર્ણ હસ્તાક્ષર

હસ્તાક્ષર કરીએ એટલે એમાં ગુણધર્મો પ્રસારિત થાય છે. તરંગોથી તરબોળ વલયોમાં એક ચમત્કૃત ઊર્જા બહાર ખેંચાઈ આવે છે, જે જીવનનો મહાનિબંધ બની જાય છે. અનુબંધ, કર્માનુબંધ જો અકબંધ રહે તો સંબંધ શુભ આશયવાળા રહી શકે. સંબંધો સારા તો જીવનની અનુક્રમણિકતા સરખી રહે છે. હસ્તાક્ષર જીવનના અનુક્રમોની યશગાથા ગાય છે ત્યારે સાંગોપાંગ સફળતા નિર્મિત કરી શકાય છે. સફળતા પરિભાષિત હસ્તાક્ષર કરવા જરૂરી છે.

હસ્તાક્ષરને ધ્યેય બનાવનારને ધ્યેયપ્રાપ્તિ અવશ્ય થાય છે. ધ્યેયપ્રાપ્તિ એટલે મંઝિલે પહોંચવું.

મંઝિલ પર પહોંચવા મનસૂબો દૃઢ જોઈએ અને મનસૂબો પાર પાડનારા ગ્રહો છે, જે વિશ્વમાં સમાયેલા છે તેમજ હસ્તાક્ષરમાં પણ સમાયેલા છે. હસ્તાક્ષર વિશ્વની અદ્ભુત ગરિમાના અધિકારી બનશો તો સુખ-સમૃદ્ધિ આપનાં કદમો ચૂમશે.

**હસ્તાક્ષર કરતા શું ધ્યાન રાખશો?**

* હસ્તાક્ષર વ્યંગપૂર્ણ નહીં પણ અર્થપૂર્ણ હોવા જોઈએ.

* સ્મિતસભર વાતાવરણમાં હસ્તાક્ષર થાય ત્યારે સફળતાની ખાતરી થઈ શકે છે, માટે જ પૂર્ણ હસ્તાક્ષર કરો અપૂર્ણ નહીં. ટૂંકમાં, હસ્તાક્ષરમાં સંપૂર્ણ નામ લખો.

* અક્ષરો સાથેની રમત મોંઘી પડી શકે છે. અક્ષરોને સુગઠિત રીતે ગોઠવો, જેમતેમ કરશો નહીં. કોરા કાગળમાં માત્ર ટાઇમપાસ કરવા હસ્તાક્ષર કરવા જોઈએ નહીં. જરૂરી દસ્તાવેજ પર યોગ્ય હસ્તાક્ષર કરવા જોઈએ.

* હસ્તાક્ષર કરતા પહેલાં પૂર્વભૂમિકા નક્કી કરી રાખો. આરોહન પ્રમાણે હસ્તાક્ષર કરશો તો આયોજિત સફળતા મેળવી શકશો. એટલે કે હસ્તાક્ષર ડાબેથી જમણી તરફ ઉપર ઢાળ પડતા કરવા.

* હસ્તાક્ષર ઝાંખા પ્રકાશમાં કે ખૂણાઓ પડતા હોય એવી જગ્યામાં બેસી ન કરવા. અગ્નિ ખૂણામાં બેસી કરેલા હસ્તાક્ષર ગુસ્સો-ઝઘડો કે મારામારી કરાવી શકે છે.

* પવિત્ર સ્થાન ઈશાન ખૂણામાં બેસીને હસ્તાક્ષર કરવાથી શુકનવંતાં કામો થાય છે.

* વાહન ઉપર બેસીને કે વાહન ઉપર પેપર રાખીને સિગ્નેચર ક્યારેય ન કરવી. યોગ્ય આધાર વિના કરાયેલા સિગ્નેચરમાં દબાણ પૂરેપૂરું મળતું નથી.

* હસ્તાક્ષર કોઈ પણ રીતે દૂષિત ના થાય એ રીતે કરવા. બિનજરૂરી પદ્ધતિથી સિગ્નેચરને નિરર્થક ન બનાવવી.

* હસ્તાક્ષર આપનું વ્યક્તિત્વ છતું કરે છે, તેથી હસ્તાક્ષરને અસરકારક બનાવવા. તેના માટે હસ્તાક્ષર કપાય નહીં, ઘૂંટાય નહીં તેનું ધ્યાન રાખવું. પ્રતિભા ઉપસાવવા અને પૂર્ણ લાભ મેળવવા ક્ષતિરહિત હસ્તાક્ષર કરવા.